ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

**બેસણું / સુંવાળા**



અમારા માતુશ્રી

**સજનબા મોહનસિંહજી ચૌહાણ**

તા. ૧૧-૦૬-૨૦૧૪ના રોજ દેવલોક પામ્યા છે. સદ્દગતનું બેસણું તથા સુંવાળા તા.૧૬-૦૬-૨૦૧૪ સોમવારના સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે રાખેલ છે.

સ્થળ :- ૩૦૯/૨, કિસાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગર

ચૌહાણ ઈન્દ્રજીતસિંહ અજીતસિંહ    ચૌહાણ ભરતસિંહ મોહનસિંહ
ચૌહાણ મહોબતસિંહ અજીતસિંહ    ચૌહાણ અજીતસિંહ મોહનસિંહ
ચૌહાણ પદમસિંહ ભરતસિંહ
(પ્રમુખ, ભાજપા યુવા મોરચો, ગાંધીનગર મહાનગર)

**નવમી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ**



સ્વ. તા. ૧૫-૬-૨૦૦૫

**સ્વ. છોટુભાઈ દામોદરભાઈ રાખશીયા**

નિવૃત્ત મામલતદાર, ગાંધીનગર
ગાંધીનગર સમાચારના લેખક તથા શબ્દસેતુના સંપાકદશ્રી,
અને ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રીશ્રી

આંખોમાં અશ્રુ છલકાય છે અમારી
જ્યારે યાદ આવે છે તમારી
અને એક પળ પણ એવી નથી ગુજરી અમારી
કે યાદ ન આવી હોય તમારી
સમય ચાલ્યો જાય છે પરંતુ સ્મૃતિઓ
માનસપટ પર પટ રહી જાય છે અમારી
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

લિ. આપનો સમગ્ર રાખશીયા પરિવાર, ગાંધીનગર
ગં.સ્વ. મંછાબેન છોટુભાઈ રાખશીયા
સુરેન્દ્રભાઈ છોટુભાઈ રાખશીયા    ડો. હર્ષાબેન છોટુભાઈ રાખશીયા
પંકજભાઈ છોટુભાઈ રાખશીયા    કાશ્મીરાબેન છોટુભાઈ રાખશીયા
સંગીતાબેન છોટુભાઈ રાખશીયા

**ટુંકી મુદતની જાહેર નોટીસ**

**તલોદ નગરપાલિકા, તલોદ**

તલોદ નગરપાલિકા વિસ્તારમાં આવેલ રોડ ઉપરની તથા રોડની બંને સાઈડોની માટી ઉતારી તથા ભરીને ૧ થી ૨ કિ.મી. દૂર નાખવાના ફેરા ૧નો ભાવ તલોદ નગરપાલિકા કચેરી તા. ૧૮/૬/૨૦14 સુધીમાં મળી જાય તે રીતે અરજી મોકલી આપવાની રહેશે. શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ.

જા.ન. ૬૦૩/૧૪    મુખ્ય અધિકારી
તા. ૧૩/૬/૧૪    તલોદ નગરપાલિકા

# ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ ટકા નામાંકન

## રાજપુર પ્રા. શાળામાં સ્વીમીંગ પુલનું લોકાર્પણ કરતા રાજયમંત્રી ૧૬૭ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાયા : ૧૧ લાખનું રોકડ દાન પણ મળ્યુ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦૦ ટકા નામાંકનની અનેરી સિધ્ધિ સાથે પ્રવેશોત્સવ સંપન્ન થયો છે.

પ્રવેશોત્સવના ત્રીજા અને અંતિમ દિવસે પણ ધો-૧માં ૩૨૮૪ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. ત્રણ દિવસના આ કાર્યક્રમ દરમિયાન જિલ્લામાં ૯૪૯૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે.

આજે અંતિમ દિવસે પ્રવેશોત્સવમાં રાજયના મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ અને રાજયમંત્રી શ્રીમતિ વસુબેન ત્રિવેદી સહિત અનેક અધિકારીઓ અને મહાનુભાવો જોડાયા હતા. સૌરભભાઈએ ઘનશ્યામનગર અને વસુબેન ત્રિવેદીએ રાજપુર ખાતે સ્માર્ટ સ્કુલનું લોકાર્પણ કર્યું હતું.

જિલ્લામાં ૫૩૯૬ બાળકોએ ધો-૯માં પ્રવેશ મેળવ્યો છે. આ ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ દરમિયાન ૧૬૭ દિકરીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે.

આ પ્રવેશોત્સવ દરમિયાન ૬૬ વિકલાંગ બાળકોને પણ પ્રવેશ આપવામાં આવ્યો છે. જિલ્લામાં પ્રવેશોત્સવ દરમિયાન લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અને જેને પગલે રૂ. ૪૪ લાખ જેટલી રકમ ભેટ અને દાન સ્વરૂપે મળી છે. આ પ્રવેશોત્સવમાં રૂ. ૧૧ લાખનું રોકડ દાન મળ્યું હોવાનું શાસનધિકારી શ્રી રાઠોડે જણાવ્યું છે.

જિલ્લાના રાજપુર ગામે આજે પ્રવેસોત્સવમાં હાજરી આપવા ગયેલા રાજયમંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ રાજપુર પ્રા. શાળામાં સ્વીમીંગ પુલનું લોકાર્પણ કર્યું હતું. સ્માર્ટ સ્કુલનો દરજ્જો મેળવનાર આ શાળાના કાર્યક્રમમાં ગામના પ્રથમ બે સ્નાતક થયેલા યુવાનોનું પણ વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું.

Dy.SP / DC / મામલતદાર / SO / TDO / DR : GPSC દ્વારા ગુજરાત સરકારમાં ભરતી પરીક્ષા તા. 12.10.2014
GPSC 351 જગ્યાઓ
કોઈપણ સંસ્થામાં પ્રવેશ મેળવતાં પહેલાં, થોભો...! વિચારો...! અને પછી જ નિર્ણય કરો...!
કારણ કે
આપનો એક નિર્ણય આપનું ભવિષ્ય બદલી શકે છે !
20 વર્ષ થી સતત સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...!
General Study : MUKESH PATEL
GPSC (વર્ગ 1/2) : વર્ષ 2006-07, 2000માં TCCIનું સરેરાશ પરીણામ (P/M/I) 98.37%
પ્રિલિમ પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max.6 months)
Ph.D. કક્ષાના 20 વર્ષના અનુભવી પ્રાધ્યાપકો દ્વારા શિક્ષણ !
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
બેચની સગવડ : સોમ થી શુક્ર અથવા શનિ / રવિ (સવાર / બપોર / સાંજ)
GPSC CSAT/GS
ફી માત્ર ₹ 24,000/- (F) ₹ 28,000/- (M)
નવી બેચ શરૂ થવાની તારીખ
સોમ થી શુક્ર 19/6, 26/6, 2/7 10/7
શનિ / રવિ 20/6, 27/6, 3/7, 10/7
નવી ફી ₹ 38,000/- (F) ₹ 41,000/- (M)
તલાટી/કલાર્ક/એકાઉન્ટન્ટ/કોન્સ્ટેબલ/વન સહાયક : વર્ગ-3, 15000 થી વધુની ગુજરાત સરકારમાં વર્ષ 2014 માં ભરતી
માસ્ટર કોર્ષ-2014 (વર્ગ 3 માટે ખાસ બેચ)
ગુજરાતી / અંગ્રેજી / ગણિત / GS / બુદ્ધિ ચાતુર્ય / કોમ્પ્યુટર
● સોમ થી શુક્રની બેચ
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
નવી બેચ શરૂ થવાની તારીખ 20/6, 27/6, 16/7
નવી ફી ₹ 18,000/- (F) ₹ 21,000/- (M)
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607
હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ    22-6-14 થી નવી ફી લાગુ

## નભમાં ઘેરાયા કાળા વાદળ



(તસવીર : દિપક જાની)

# ચોમાસા પહેલા શાકભાજી મોંઘાદાટ

## ગરમીએ શાકભાજીના ચોમાસુ પાકને અસર કરી હવે વરસાદની સિજન પુરી થયા બાદ નવી સિઝનથી ભાવ ઓછા થવાની ધારણા

ગાંધીનગર, તા. ૧૪

ઉનાળાના આકરા તાપે શાકભાજીના ભાવમાં પણ વધારો કરી દીધો છે. છેલ્લા એકાદ માસથી અસહ્ય તાપ પડતો હોવાના પગલે શાકભાજી પર માઠી અસર પહોંચી છે અને છેલ્લા ૮ થી ૧૦ દિવસમાં શાકભાજીના ભાવમાં ૨૦ ટકા જેટલો ઉછાળો નોંધાઈ ગયો છે. નીચા રહેલા શાકભાજીના ભાવમાં ભારે તડકાના લીધે પાકને માઠી અસર પહોંચતા ભાવમાં વધારો નોંધાયો છે. ૪૦ ડિગ્રી ઉપરના અસહ્ય તાપથી શાકનો પાક બળી જતા ભાવમાં વધારો થયો છે.

પહેલેથી જ શાકભાજીના ભાવમાં જથ્થાબંધ અને છુટકમાં મોટો તફાવત હતો. તેની સામે હવે તડકાના

● અનુસંધાન પાન-૭ પર

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૪

તાજેતરમાં વર્ષ-૨૦૧૩માં યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા યોજાયેલી સિવિલ સર્વિસીઝ (IAS, IPS, IFS, IRS) ની પરીક્ષાનું અંતિમ પરિણામ જાહેર થયેલું છે.

ગાંધીનગર ખાતે સર્વ વિદ્યાલય



કેળવણી મંડળ દ્વારા સંચાલિત મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર દ્વારા રાજયના વિદ્યાર્થીઓને સિવિલ સર્વિસીઝમાં જોડાવવા અંગે પ્રોત્સાહિત કરવા અને તાલીમ આપવાની કામગીરી કરવામાં આવે છે.

ચાલુ વર્ષે આ સંસ્થાના અનિલ રાનાવાસિયા, (AIR-434 પરીક્ષામાં સફળ થઈ સંસ્થાને ગૌરવ અપાવ્યું છે.

કડી સર્વવિદ્યાલયના કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ, પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, સંસ્થાના સંચાલક સચિનભાઈ સોની સહિત પ્રાધ્યપકગણોએ આ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે.




**આ કોર્પોરેટરોએ એડવાન્સ ટેક્સ ચુકવવાનો છે**

કોઈપણ કંપની, જેઓના સ્ત્રોત પર કપાત કરાયેલ / સંગ્રહિત કરાયેલ ટેક્સ બાદ નાણાંકીય વર્ષ માટે કરની ચુકવણી રૂ. ૧૦,૦૦૦ થી વધુ છે

**ચૂકવણીની વિધિ**

- ઈ-ચુકવણી બધી કંપનીઓ માટે ઈલેક્ટ્રોનિક રીતે ટેક્સ ચુકવણી ઈન્ટરનેટ બેંકીંગ અથવા ક્રેડિટ / ડેબીટ કાર્ડ દ્વારા અનિવાર્ય છે.
- ચુકવાયેલ ટેક્સની ક્રેડિટ સુનિશ્ચિત કરવાના હેતુથી યોગ્ય પાન ભરો

**કોર્પોરેટ્સ કરદાતાઓ માટે એડવાન્સ ટેક્સની ચુકવણી માટે સમય સારણી**

કોર્પોરેટ્સ કરદાતાઓ ચાર હપ્તાઓમાં એડવાન્સ ટેક્સની ચુકવણી કરવા માટે જવાબદાર છે.

| નક્કી કરાયેલ તારીખ | રકમ |
|---|---|
| (ક) ૧૫ જુન ૨૦૧૪ અથવા તે પહેલા | ચુકવવાપાત્ર રકમના ૧૫% |
| (ખ) ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૪ સુધી અથવા તે પહેલા | ચુકવવાપાત્ર રકમના ૪૫% |
| (ગ) ૧૫ ડિસેમ્બર, ૨૦૧૪ સુધી અથવા તે પહેલા | ચુકવવાપાત્ર રકમના ૭૫% |
| (ઘ) ૧૫ માર્ચ, ૨૦૧૫ સુધી અથવા તે પહેલા | ચુકવવાપાત્ર રકમના ૧૦૦% |

**ઓછો એડવાન્સ ટેક્સ ચુકવવો/ એડવાન્સ ટેક્સ ન ચુકવવાનું પરિણામ**

- ઓછો એડવાન્સ ટેક્સ ચુકવવો/ એડવાન્સ ટેક્સ ન ચુકવવો અથવા એડવાન્સ ટેક્સની ચુકવણીમાં વિલંબના કિસ્સામાં વ્યાજ વસુલવામાં આવશે.

આવકવેરા વિભાગ
આવકવેરા વિભાગ
www.incometaxindia.gov.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com